અપીલ અરજી નં.૫૭ તા.૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ–ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧–૫–૦૯ ની અરજીથી એ/પારસ સોસા., નં.૨૮/૨૯ પર તૈયાર થયેલ 'ધારનાથ' બિલ્ડીંગ, બી/૫૩/૫૪ પર તૈયાર થયેલ 'શાન્તિ કનક' બિલ્ડીંગ તથા મારૂતી ફલેટ માન સરોવર ત્રણ રસ્તા, કોસાડ રોડ,અમરોલીનું બાંધકામની આપના વિભાગે વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ, અને જો આપવામાં આવી ન હોય તો અત્યાર સુધીમાં બાંધકામ ધારકો વિરુધ્ધ આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૫૭/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧–૫–૦૯ ની અરજીથી એ/પારસ સોસા., નં.૨૮/૨૯ પર તૈયાર થયેલ 'ધારનાથ' બિલ્ડીંગ, બી/૫૩/૫૪ પર તૈયાર થયેલ 'શાન્તિ કનક' બિલ્ડીંગ તથા મારૂતી ફલેટ માન સરોવર ત્રણ રસ્તા કોસાડ રોડ,અમરોલીનું બાંધકામની આપના વિભાગે વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ, અને જો આપવામાં આવી ન હોય તો અત્યાર સુધીમાં બાંધકામ ધારકો વિરુધ્ધ આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાથી એપેલેટ ઓફિસરને તા.૨–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૨૫૪ તા.૯–૬–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં. ૧૬૦૪ તા.૧૫–૬–૦૯ થી અત્રેના વિભાગને વિગતો મળેલ છે.

અરજદારની તા.૧–૫–૦૯ ની મુળ અરજીથી એ/પારસ સોસા., નં.૨૮/૨૯ પર તૈયાર થયેલ 'ધારનાથ' બિલ્ડીંગ, બી/૫૩/૫૪ પર તૈયાર થયેલ 'શાન્તિ કનક' બિલ્ડીંગ તથા મારૂતી ફલેટ માન સરોવર ત્રણ રસ્તા કોસાડ રોડ,અમરોલીનું બાંધકામની આપના વિભાગે વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ, અને જો આપવામાં આવી ન હોય તો અત્યાર સુધીમાં બાંધકામ ધારકો વિરુધ્ધ આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૩૩૧ તા.૪–૬–૦૯ થી માંગેલ વિગતે મંજુર પ્લાન તથા કચેરી ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની નકલો દસ્તાવેજી ફી રૂા.૨૦૦/– જમાં કરાવી નકલ મેળવવા જણાવવામાં આવેલ. જે મુજબ અરજદારે રસીદ નં.૩૦૫૫૬ તા.૬–૬–૦૯ થી દસ્તાવેજી ફી રૂા.૨૦૦/– ભરી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૪૮૬ તા.૧૦–૬–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું હોવાનું પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ અત્રે મોકલેલ વિગતો અને નકલો પરથી જણાય છે. અરજદારે તા.૬–૬–૦૯ ના રોજ ફી ભરી મેળવેલ માહિતી તથા અપીલમાં માત્ર માહિતી નહીં મળવાની દાદ માંગેલ હોઈ આ તબકકે અન્ય કોઈ તકરારી મુદ્દો રહેતો નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,નોર્થઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીરમેશ કે. જાંગીડ